1. 'ભ્રાતુકીય લગ્ન' એટલે ?

➢ ભ્રાકીય લગ્નપ્રકારમાં મહિલા સાથે લગ્નસંબંધથી જોડાનાર બધા પતિ પરસ્પર સગા ભાઈઓ હોય છે અને તેઓ એક જ કુટુંબમાં સાથે રહેતા હોય છે.

2. 'સામાજિક સંસ્થા' એટલે શું?

➢ સમાજની અમુક સામાજિક જરૂરિયાતોની પૂર્તિ માટે થતી આંતરક્રિયાને માર્ગદર્શિત કરતાં ધોરણોના સમૂહને 'સામાજિક સંસ્થા' કહે છે.

3. સામાજિક સંસ્થાનાં લક્ષણો જણાવો.

➢ સામાજિક સંસ્થાનાં લક્ષણો આ પ્રમાણે છે : (1) વલણ અને વર્તનની ઢબ, (2) સાંસ્કૃતિક પ્રતીકો, (3) સાધનસગવડ, (4) વર્તનનાં ધોરણો તથા (5) વિચારસરણી

4. મકાઈવરે આપેલી કુટુંબની વ્યાખ્યા જણાવો.

➢ મકાઈવરના મતે, કુટુંબ એ સ્પષ્ટ અને લાંબા ગાળા સુધી ટકી રહે તેવા જાતીય સંબંધો પર રચાયેલું જૂથ છે અને તેના દ્વારા જ બાળકોનું પ્રજનન અને ઉછેર શક્ય બને છે.

5. કુટુંબસંસ્થાનાં લક્ષણો જણાવો.

➢ કુટુંબસંસ્થાનાં લક્ષણો આ પ્રમાણે છે : (1) મહિલા અને પુરુષ વચ્ચેના જાતીય સંબંધો, (2) લગ્નપ્રથા, (3) સહનિવાસ, (4) વંશાવલી અને (5) આર્થિક સહભાગીપણું.

6. 'માતૃવંશી કટુંબ' અને 'પિતૃવંશી કુટુંબ' કોને કહે છે?

➢ માતૃવંશી કુટુંબમાં વંશગણનો માતા તરફથી થાય છે અને બાળકના નામ પાછળ માતાનું નામ જોડાય છે, જ્યારે પિતૃવંશી કુટુંબમાં વંશગણના પિતા તરફથી થાય છે અને બાળકના નામ પાછળ પિતાનું નામ જોડાય છે.

7. માતૃવંશી કુટુંબની વિશેષતા જણાવો.

➢ માતૃવંશી કુટુંબમાં વંશની ગણતરી માતાના નામથી થાય છે. આ કુટુંબમાં સંતાનનાં નામની પાછળ માતાનું નામ લખાય છે. કૌટુંબિક મિલકતનો વારસો માતા તરફથી મહિલાસંતાનોને મળે છે. ધાર્મિક વિધિ પણ મહિલાઓ દ્વારા જ થાય છે.

8. કુટુંબ કયાં મુખ્ય કાર્યો કરે છે?

➢ કુટુંબ આ પ્રમાણેનાં મુખ્ય કાર્યો કરે છે : (1) કુટુંબનું જૈવિક કાર્ય, (2) કુટુંબનું મનોવૈજ્ઞાનિક કાર્ય, (3) કુટુંબનું આર્થિક કાર્ય, (4) કુટુંબનું સામાજિક કાર્ય અને (5) કુટુંબનું સાંસ્કૃતિક કાર્ય.

9. 'લગ્ન' એટલે શું?

- 'લગ્ન' એક કે વધારે પુરુષોનો એક કે વધારે મહિલાઓ સાથેનો એક વિશિષ્ટ પ્રકારનો સંબંધ છે, જેની સાથે અધિકારો, ફરજો, હકો અને પારસ્પરિક અપેક્ષાઓ જોડાયેલાં છે. સામાજિક ધોરણો અનુસાર તે સ્થપાય છે.

10.લગ્ન અંગેની વેસ્ટર માર્કની વ્યાખ્યા જણાવો.

- વેસ્ટર માર્ક લગ્ન અંગેની વ્યાખ્યા આપતાં જણાવે છે કે, "લગ્ન એક કે વધારે પુરુષોનો એક કે વધારે મહિલાઓ સાથેનો સંબંધ છે, જેનો સમાજના રિવાજો કે કાયદાઓ દ્વારા સ્વીકાર થયો હોય છે. આ પ્રકારના સંબંધોમાં લગ્ન કરનારી વ્યક્તિઓ અને થનાર બાળકોના પારસ્પરિક હકો અને ફરજોનો સમાવેશ થાય છે."

11.ભ્રાતૃક બહુપતિત્વ લગ્ન અને અભ્રાતૃક બહુપતિત્વ લગ્ન વચ્ચે મુખ્ય તફાવત શો છે ?

- ભ્રાતુક બહુપતિત્વ લગ્નપ્રથામાં એક મહિલાના બધા પતિ સગા ભાઈઓ હોય છે, જ્યારે અભ્રાતૃક બહુપતિત્વ લખવામાં એક મહિલાના બધા પતિ સગા ભાઈઓ હોતા નથી.

12.ભગિની બહુપત્નીત્વ લગ્ન અને અભગિની બહુપત્નીત્વ લગ્ન વચ્ચે મુખ્ય તફાવત શો છે?

- ભગિની બહુપત્નીત્વ લગ્નપ્રથામાં એક પુરુષની બધી પત્નીઓ સગી બહેનો હોય છે, જ્યારે અભગિની બહુપત્નીત્વ લગ્નપ્રથામાં એક પુરુષની બધી પત્નીઓ સગી બહેનો હોતી નથી.

13.'અંતર્લગ્ન' એટલે શું?

- અમુક સમૂહના પુરુષો અમુક સમૂહની મહિલાઓ સાથે જ લગ્ન કરી શકે છે. જે સમૂહના સભ્યો વચ્ચે પરસ્પર લગ્નસંબંધ બંધાઈ શકે તે સમૂહને 'અંતર્લગ્નનીય સમૂહ કહે છે. હિન્દુ સમાજની દરેક જ્ઞાતિ અને પેટાજ્ઞાતિ અંતર્લગ્નીય સમૂહ છે. પરંપરામાં માનતા હિન્દુઓ આજે પણ પોતાની જ્ઞાતિમાંથી જ જીવનસાથીની પસંદગીનો આગ્રહ રાખે છે. ભારતમાં જૈન, મુસ્લિમ, બૌદ્ધ, પારસી, શીખ અને ખ્રિસ્તી ધર્મના અનુયાયીઓમાં તેમજ આદિવાસીઓમાં પણ અંતર્લગ્નનું પ્રચલન છે.

14."બહિર્લગ્ન" એટલે ?

- જીવનસાથીની પસંદગી ક્યા ક્ષેત્રમાંથી કરી શકાય નહીં તે નક્કી કરતા નિયમોને 'બહિર્લગ્નના નિયમો' કહે છે. આ નિયમો નિકટવત સગાંસંબંધીઓ વચ્ચે લગ્ન કરવાનો નિષેધ કરે છે. આ સંદર્ભમાં જુદા જુદા સમાજમાં જુદા જુદા નિયમો પ્રવર્તે છે, જેમ કે, રક્તસંબંધીઓની વ્યાખ્યામાં આવતાં સંબંધીઓ સાથે લગ્ન થઈ શકે નહિ, વ્યક્તિના કુટુંબીઓ સાથેના જાતીય સંબંધોને અનૈતિક અને અનાચારી ગણવામાં આવે છે. આવા સંબંધો પર પ્રતિબંધ પ્રવર્તે છે.

15.શા માટે આંતરજ્ઞાતીય લગ્ન શક્ય બન્યાં છે?

- વિવિધ કાનૂની પગલાં અને સુધારણા પ્રવૃત્તિઓના પરિણામે જુદી જુદી જ્ઞાતિઓ વચ્ચેના લગ્નસંબંધો માટે અનુકૂળ વાતાવરણ સજાયું છે. મહિલાશિક્ષણ, સહશિક્ષણ, સહકાર્ય, પડોશ, પિકનિક અને મેળાવડાઓમાં

યુવકયુવતી વચ્ચે વધતા જતા સંપર્કના કારણે ભીતરશાતીય લગ્ન શક્ય બન્યાં છે. સરકાર દલિત જ્ઞાતિ અને અન્ય પતિ વચ્ચે થયેલાં લગ્નને પ્રોત્સાહન અને આર્થિક સહાય આપે છે.

### 16. સમલોમ, અનલોમ અને પ્રતિલોમ લગ્ન કોને કહે છે?

- (1)સમાન સામાજિક દરજ્જાના પુરુષ સાથે મહિલાના લગ્નને સમલોમ લગ્ન કહે છે. જ્ઞાતિમાં થતા લગ્ન 'સમલોમ લગ્ન' કહેવાય છે.

  (2) સમાજમાં ઉચ્ચ ગણાતી જ્ઞાતિનો પુરુષ તેનાથી નિમ્ન ગણાતી જ્ઞાતિની મહિલા સાથે લગ્ન કરે, તો તે 'અનુલોમ લગ્ન' કહેવાય.

  (3) સમાજમાં ઉચ્ચ ગણાતી જ્ઞાતિની મહિલા તેનાથી નિમ્ન ગણાતી જ્ઞાતિના પુરુષ સાથે લગ્ન કરે, તો તે 'પ્રતિલોમ લગ્ન કહેવાય.

### 17.જ્ઞાતિસંસ્થાનાં મુખ્ય લક્ષણો જણાવો.

- જ્ઞાતિસંસ્થાનાં મુખ્ય લક્ષણો આ પ્રમાણે છે : (1) હિન્દુ સમાજનું જુદા જુદા ખંડોમાં વિભાજન, (2) કોટિક્રમ, (3) ખાનપાન અને સામાજિક વ્યવહાર અંગેના પ્રતિબંધો, (4) વિભિન્ન જ્ઞાતિઓની નાગરિક તથા ધાર્મિક અસમર્થતાઓ અને વિશેષાધિકારો, (5) વ્યવસાયની પસંદગી પર અંકુશો તથા (6) લગ્ન પરના પ્રતિબંધો.

### 18.જ્ઞાતિઓમાં કઈ બાબતોમાં અસમર્થતાઓ અને વિશેષાધિકારો અસ્તિત્વમાં હતા?

- જ્ઞાતિઓમાં વસવાટ, ગામના કૂવાનો ઉપયોગ, જાહેર રસ્તાઓનો ઉપયોગ, શાળા પ્રવેશ, મંદિરોમાં પ્રવેશ વગેરે અનેક બાબતોમાં અસમર્થતાઓ અને વિશેષાધિકારો અસ્તિત્વમાં હતા.

### 19.કયાં કારણોના લીધે જ્ઞાતિસંસ્થામાં આધુનિક પરિવર્તનની પ્રક્રિયા શરૂ થઈ?

- બ્રિટિશરોની અંગ્રેજી શિક્ષણપદ્ધતિ, સામાજિક કાનૂનીકરણ, ઔદ્યોગીકરણ, શહેરીકરણ, લોકશાહી, ઉદારમતવાદી વિચારસરણી વગેરે પ્રભાવના કારણે જ્ઞાતિસંસ્થામાં આધુનિક પરિવર્તનની પ્રક્રિયા શરૂ થઈ.

### 20. ભારતમાં જ્ઞાતિસંસ્થાનાં પરંપરાગત લક્ષણોમાં કયાં પરિવર્તનો આવ્યાં છે ?

- ભારતમાં જ્ઞાતિસંસ્થાનાં પરંપરાગત લક્ષણોમાં આ મુજબનાં પરિવર્તનો આવ્યાં છે : (1) ખંડ વિભાજનમાં પરિવર્તન, (2) સામાજિક દરજ્જાના કોટિક્રમમાં પરિવર્તન, (3) ખાનપાન અને સામાજિક સંપર્ક પરના પ્રતિબંધો, (4) વ્યાવસાયિક પ્રતિબંધોમાં પરિવર્તન અને (5) લગ્ન પરના પ્રતિબંધોમાં પરિવર્તન.

### 21.મકાઈવર અને પેજ સામાજિક વર્ગની કઈ વ્યાખ્યા આપે છે?

- મકાઈવર અને પેજ સામાજિક વર્ગની વ્યાખ્યા આપતા જણાવે છે કે, સામાજિક વર્ગ સમાજનો એવો એક ભાગ છે જે સમાજના બીજા ભાગોથી દરજ્જાના સંદર્ભમાં જુદો પડે છે."

22.સોરોકિનના મતે 'સામાજિક વર્ગ' એટલે શું?

➢ સોરોકિનના મતે, ''સામાજિક વર્ગ સમાજમાં લોકોનો એવો સમૂહ છે જેના સભ્યો વ્યાવસાયિક, આર્થિક અને રાજકીય દરજ્જાની બાબતમાં સમાન સ્થાન ધરાવે છે.''

23.સામાજિક વર્ગનાં લક્ષણો જણાવો.

➢ સામાજિક વર્ગના લક્ષણો આ પ્રમાણે છે : (1) વર્ગ સમાનતા, (2) ઊંચનીચનો સ્વીકાર, (3) સમાન સામાજિક દરજ્જો , (4) અંતર્લગ્ન, (5) વર્ગનું એકમ કુટુંબ, (6) સમાન જીવનશૈલી અને (7) સ્વયંજનિત.

24.'વિભક્ત કુટુંબ' એટલે શું?

➢ વિભક્ત કુટુંબમાં પતિપત્ની અને તેમનાં અપરિણીત સંતાનોનો સમાવેશ થાય છે. કુટુંબજીવનના તમામ નિર્ણયો સર્વસંમતિથી લેવામાં આવે છે.

25.માતૃસત્તાક કુટુંબમાં વંશની ગણતરી કોના નામથી થાય છે ?

➢ માસત્તાક કુટુંબમાં વંશની ગણતરી માતાના નામથી થાય છે.

26.'એકસાથી લગ્નપ્રથા' એટલે શું?

➢ એકસાથી લગ્નપ્રથામાં મહિલા અથવા પુરુષ કોઈ એક સમયે એક પુરુષ અથવા એક મહિલા સાથે લગ્નસંબંધથી જોડાયેલા હોય છે. આ લગ્નપ્રકારમાં કોઈ પણ પરિણીત મહિલા અથવા પરિણીત પુરુષને એક સમયે એક જ પતિ અથવા એક જ પત્ની હોય છે. વિશ્વના મોટા ભાગના સમાજમાં આ પ્રકારના લગ્નસંબંધો અસ્તિત્વ ધરાવે છે અને સર્વસ્વીકૃત છે.

27.'સમલોમ લગ્ન' એટલે શું?

➢ પોતાના સમકક્ષ અથવા પોતાના જ જૂથ કે જ્ઞાતિમાંથી પતિપત્ની લગ્નસંબંધથી જોડાય ત્યારે તેને 'સમલોમ લગ્ન' કહેવાય.

28.સમાજમાં કઈ કઈ સામાજિક સંસ્થાઓ છે ?

➢ સમાજમાં લગ્ન, કુટુંબ, જ્ઞાતિ, વર્ગ વગેરે સામાજિક સંસ્થાઓ

29. રાજકીય સંસ્થાનાં પ્રતીક કયાં છે ?

➢ 'રાષ્ટ્રગીત' અને 'રાષ્ટ્રધ્વજ' એ રાજકીય સંસ્થાનાં પ્રતીક છે.

30. વિચારસરણી શેનો સમૂહ છે ?

➢ વિચારસરણી એ વિચારો, માન્યતાઓ અને ધોરણોનો સમૂહ છે.

31.વિચારસરણી શું વ્યક્ત કરે છે ?

- વિચારસરણી સામાજિક સંસ્થાની મૂળભૂત માન્યતાઓ અને વિચારો વ્યક્ત કરે છે.

32.કુટુંબ કઈ રીતે અસ્તિત્વમાં આવે છે?

- કુટુંબ જૂથલગ્ન, લોહી અથવા દત્તકના સંબંધો દ્વારા અસ્તિત્વમાં આવે છે.

33.કિંગ્સલે ડેવિસના મતે કુટુંબ એટલે શું?

- કિંગ્સલે ડેવિસના મતે કુટુંબ એટલે, એક એવું સામાજિક જૂથ કે જેના સભ્યો પ્રજનન પ્રક્રિયા દ્વારા એકબીજા સાથે જોડાયેલા છે.

34.કુટુંબ કયા ત્રણ હેતુઓ માટે ઉદ્ભવ્યું છે ?

- કુટુંબ જાતીય ઇચ્છાની પરિપૂર્તિ, વંશવૃદ્ધિ અને સહજીવનથીથતી સંતતિની સંભાળ અને ઉછેર એમ ત્રણ હેતુઓ માટે ઉદ્દભવ્યું છે.

35.કુટુંબના પ્રકારો કયા આધારે નક્કી કરવામાં આવે છે ?

- કુટુંબના પ્રકારો વંશ, સત્તા, સ્થાન અને સહનિવાસેના આધારે નક્કી કરવામાં આવે છે.

36.“માતૃસત્તાક કુટુંબ” એટલે શું?

- જે કુટુંબમાં સર્વસત્તા માતા કે પત્નીમાં કેન્દ્રિત થયેલી હોય તેવા કુટુંબને માતૃસત્તાક કુટુંબ’ કહેવાય.

37.‘પિતૃસત્તાક કુટુંબ’ એટલે શું?

- જે કુટુંબમાં સર્વ સત્તા પિતા કે પતિમાં કેન્દ્રિત થયેલી હોય તેવા કુટુંબને ’પિતૃસત્તાક કુટુંબ’ કહેવાય

38.‘સંયુક્ત કુટુંબ’ કોને કહે છે?

- સંયુક્ત કુટુંબ’ એ અમુક ચોક્કસ પ્રકારના રક્તસંબંધો ધરાવતી વ્યક્તિઓનું બનેલું જૂથ છે. તેઓ સામાન્ય રીતે સહનિવાસ કરે છે, એક જ રસોડે જમે છે, સહિયારી મિલકત ધરાવે છે અને ધાર્મિક વિધિમાં સમાન રીતે ભાગ લે છે.

39.કયાં પરિબળોના પરિણામે કુટુંબસંસ્થામાં પરિવર્તનો આવ્યાં છે ?

- ઔદ્યોગીકરણ, શહેરીકરણ, શિક્ષણ અને સંચાર માધ્યમોના પરિણામે કુટુંબસંસ્થામાં પરિવર્તનો આવ્યાં છે.

40.‘જહોન્સનના મતે લગ્ન’ એટલે શું?

- હોન્સનના મતે લગ્ન એ એવું આવશ્યક તત્ત્વ છે, જેમાં મહિલા અને પુરુષ એક સ્થાયી સંબંધમાં પ્રવેશીને પોતાનું સામાજિક સ્થાન ગુમાવ્યા વગર બાળકો જન્મ આપવાની સામાજિક અનુમતિ મેળવે છે.

41.લગ્નના ઉદ્દેશો જણાવો.

➢ લગ્નના ચાર ઉદ્દેશો છે : (1) ધાર્મિક ફરજોનું પાલન, (2) સંતતિપ્રાપ્તિ, (3) જાતીય સંતોષ અને (4) ગૃહનિવાસ.

42.લગ્નના પ્રકારો કયા આધારે નક્કી થાય છે?

➢ લગ્નના પ્રકારો પતિ કે પત્નીની સંખ્યાના આધારે નક્કી થાય છે.

43.લગ્નના મુખ્ય બે પ્રકારો કયા છે?

➢ લગ્નના મુખ્ય બે પ્રકારો આ પ્રમાણે છે : (1) એકસાથી લગ્ન અને (2) બહુસાથી લગ્ન.

44."બહુસાથી લગ્ન" કોને કહે છે?

➢ લગ્નસંબંધથી જોડાનાર મહિલા કે પુરુષના કોઈ એક પક્ષે એક કરતાં વધારે સંખ્યા હોય ત્યારે તેને 'બહુસાથી લગ્ન' કહે છે.

45.'જેઠવટું' એટલે શું?

➢ પતિના અવસાન બાદ પત્ની પોતાના મૃત પતિના મોટા ભાઈ (જેઠ) સાથે પુનર્લગ્ન કરી શકે એવી પ્રથાને 'જેઠવહું' કહે છે.

46.'સાળીવટું' એટલે શું?

➢ પત્નીના અવસાન બાદ પતિ પોતાની મૃત પત્નીની બહેન (સાળી) સાથે પુનર્લગ્ન કરી શકે એવી પ્રથાને 'સાળીવટું' કહેવામાં આવે છે.

47.લગ્નમાં જીવનસાથીની પસંદગીના ક્ષેત્રને નિયંત્રિત કરતી કયાં સામાજિક ધોરણો પ્રવર્તે છે?

➢ લગ્નમાં જીવનસાથીની પસંદગીના ક્ષેત્રને નિયંત્રિત કરતી સામાજિક ધોરણો : (1) અંતર્લગ્ન, (2) બહિર્લગ્ન અને (3) સમલોમ, હું અનુલોમ તથા પ્રતિલોમ લગ્ન

48.'અંતર્લગ્નનાં ધોરણો' એટલે શું?

➢ મહિલા અને પુરુષ માટે ચોક્કસ સમૂહ કે વર્તુળમાંથી જીવનસાથીની પસંદગી માટેનાં જે ધોરણો પ્રવર્તતાં હોય તેને 'અંતર્લગ્નનાં ધોરણો' કહે છે.

49.'બહિર્લગ્નનાં ધોરણો' એટલે શું?

➢ અમુક સમૂહ અથવા સગાંઓના પુરષ અથવા મહિલા સાથે લગ્ન કરવાની મનાઈ ફરમાવતાં ધોરણોને 'બહિર્લગ્નનાં ધોરણો' કહે છે.

50.'પ્રતિલોમ લગ્ન' એટલે શું?

- ઊતરતી જ્ઞાતિનો ગણાતો પુરુષ ઉચ્ચ જ્ઞાતિની ગણાતી મહિલા સાથે લગ્ન કરે ત્યારે તેને 'પ્રતિલોમ લગ્ન'' કહેવામાં આવે છે.

51.લગ્નસાથીની પસંદગીમાં અગ્રતાસૂચક ધોરણો ક્યાં ક્યાં છે?

- લગ્નસાથીની પસંદગીમાં અગ્રતાસૂચક ધોરણો : કુલીનશાહી, દિયરવટું, જેઠવટું અને સાળીવટું તેમજ પિતરાઈ લગ્ન.

52.'કુલીનશાહી લગ્નપ્રથા' કોને કહે છે?

- પોતાના કુળ કરતાં સામાજિક દૃષ્ટિએ ચડિયાતા ગણાતાં કુળમાં દીકરીને પરણાવવાની પ્રથાને 'કુલીનશાહી લગ્નપ્રથા' કહે છે.

53.કયા કાયદાથી આંતરજ્ઞાતીય લગ્નને સંપૂર્ણ સમર્થન પ્રાપ્ત થયું છે ?

- ઈ. સ. 1949ના હિન્દુ મૅરેજ વૈલિડિટી ઍક્ટથી આંતરજ્ઞાતીય લગ્નને સંપૂર્ણ સમર્થન પ્રાપ્ત થયું છે.

54.કયા કાયદાથી હિન્દુઓમાં બહુપતિ અને બહુપત્ની લગ્ન ગેરકાયદેસર બન્યાં છે ?

- ઈ. સ. 1955ના 'હિન્દુ લગ્નધારા'થી હિન્દુઓમાં બહુપતિ અને બહુપત્ની લગ્ન ગેરકાયદેસર બન્યાં છે.

55.કયા કાયદા દ્વારા મહિલા અને પુરુષને છૂટાછેડાનો સમાન અધિકાર પ્રાપ્ત થયો છે ?

- ઈ. સ. 1955ના 'હિન્દુ લગ્નધારા' દ્વારા મહિલા અને પુરુષને છૂટાછેડાનો સમાન અધિકાર પ્રાપ્ત થયો છે.

56.'જ્ઞાતિ' એટલે શું?

- 'જ્ઞાતિ' એ વિભિન્ન ગોત્રજૂથોનાં કુટુંબનું બનેલું વિશિષ્ટ નામ ધરાવતું, સંગતિ, અંતર્વિવાહી, કોટિક્રમિક ધરાવતું સ્તર જૂથ છે.

57.જ્ઞાતિપંચાયતનું મહત્ત્વ શાથી ઘટયું છે?

- પંચાયતી રાજ, વિવિધ કાયદાઓ અને ન્યાયતંત્રના વિસ્તૃતીકરણના કારણે શાતિપંચાયતની અનેક સત્તાઓ છીનવાઈ જતાં તેનું મહત્ત્વ ઘટયું છે.

58.સામાજિક વર્ગના સભ્યો કઈ કઈ બાબતમાં સમાન હોય છે?

- સામાજિક વર્ગના સભ્યો આવક, સંપત્તિ, મિલકત, વ્યવસાય, શિક્ષણ, રાજકીય દરજ્જો વગેરે બાબતમાં લગભગ સમાન હોય છે.

### 59. જીવનશૈલીમાં કઈ બાબતોનો સમાવેશ થાય છે?

- જીવનરોલીમાં રહેઠાણ, વ્યવસાય, જીવનકાર્ય, મનોરંજનનાં સાધનો વગેરે અનેકવિધ બાબતોનો સમાવેશ થાય છે.

### 60. સમાજની કઈ લાક્ષણિકતાઓના લીધે વર્ગો ઉદ્દભવે છે?

- સમૂહજીવન, શ્રમવિભાજન, જન્મગત તફાવતો, સામાજિક વાતાવરણના તફાવતો વગેરે સમાજની સામાન્ય લાક્ષણિક્તાઓના કારણે વગાં ઉદભવે છે.